33

55

૪૭૨

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
સેકટર નં. ૧૬, ગાંધીનગર

નં. મુઈ (યાં)/૧૦૯૮/ટાયબલ/પંપ/એમ-૪/૫૦૧/ ૧૪૭૮ તા.૨૬.૧૧.૯૮

પ રિ પ ત્ર

વિષય : **રાજ્યના પૂર્વપટ્ટી વિસ્તારોમાં પાવર પંપથી પાણી પુરવઠો પુરો પાડવા બાબત.**

**આ મુ ખ**

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરની નિશ્રામાં તા.૨૭.૧૦.૯૮ના રોજ એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં બોર્ડના સભ્ય સચિવશ્રી તથા મુખ્ય ઈજનેરશ્રીઓ તેમજ દક્ષિણ ગુજરાત અને સાબરકાંઠા જિલ્લાના અધિક્ષક ઈજનેરશ્રી/કાર્યપાલક ઈજનેરશ્રી (યાં) હાજર હતા. મીટીંગમાં આદિવાસી વિસ્તારોમાં જ્યાં પુરતુ પાણી મળી રહે છે ત્યાં મુખ્ય ગામમાં ૧૧૫ મી.મી. વ્યાસને બદલે ૧૬૫ મી.મી. વ્યાસનો બોર કરી તેના પર ડીપવેલ પંપ/સીંગલ ફેઝ સબમર્સીબલ પંપ બેસાડી નજીકના આદિવાસી ફળિયાઓના સ્ટેન્ડ પોસ્ટથી પાણી આપવાનું નક્કી થયેલ. આ બાબતની કામગીરી નીચેના મુદ્દાઓ ધ્યાન પર લઈ હાથ ધરવાની રહેશે.

(૧) મૂળ ગામમાં ૨ કે ૩ ૧૬૫ મી.મી. બોર ૯૦ મીટરના ઉંડાઈના કરવા.

(૨) આવા એક થી બે બોર પર ડીપવેલ/સીંગલ ફેઝ સબમર્સીબલ પંપ બેસાડવા. આવા બોરનો આવરો ૮૦૦ એલ.પી.એચ.થી વધુ હોવો જોઈએ અને શક્ય હોય ત્યાં બોરની આજુબાજુ રીચાર્જીંગ સ્ટ્રકચર કરવાનું રહેશે.

(૩) ગામના ઉંચાઈવાળા જમીન સ્તરે ૧૦,૦૦૦ લીટરની આર.સી.સી. ટાંકી બનાવવી અને તેમાંથી પાઈપલાઈન ધ્વારા પાણી પુરવઠો પૂરો પાડવાનો રહેશે.

(૪) ટાંકીથી દૂર જુદા જુદા ૫૦૦ મીટરની અંદરના ફળિયામાં સ્ટેન્ડ પોસ્ટ ધ્વારા પાણી પુરુ પાડવાનું રહેશે.

...૨/-

(૫) બોરથી ટાંકીના કનેકશન માટે યોગ્ય સાઈઝની 'બી' કલાસ જી.આઈ. પાઈપ વાપરવાની રહેશે.

(૬) સ્ટેન્ડ પોસ્ટ પર ગંદા પાણીના નિકાલ માટે ડ્રેઈનની વ્યવસ્થા કરવાની રહેશે.

(૭) પંપ માટેનો પાવર બોરની નજીકથી પ્રાઈવેટ મકાનમાંથી સબ મીટર મુકી મળે તેવી વ્યવસ્થાને પ્રાધાન્ય આપવું. આમ છતાં આવી શકયતા ન હોય ત્યાં બે થી અઢી હોર્સપાવરનું સીંગલ ફેઝ કનેકશન જી.ઈ.બી.માંથી મેળવવું.

(૮) ડ્રીલીંગ કામગીરી હાથ ધરતા પહેલા જે ગામમાં કામગીરી કરવાની હોય તેની પુરેપુરી માહિતી જેવી કે બોરની સાઈઝ, ઉંડાઈ, પંપની બનાવટ, કેપેસીટી, બોરમાં પંપ કેટલો ઉતારવાનો છે, પાઈપની જાડાઈ, નંગ, પ્લેટફોર્મની વિગત તેમજ ટાંકીની વિગત વિગેરે ગામને પંદર દિવસ પહેલા આપવાની રહેશે અને તે મળયાની તલાટીની પહોંચ લેવાની રહેશે.

(૯) આવી કામગીરી માટે ૨૦૦ થી ૫૦૦ના લોટમાં ટેન્ડર કરવાનું રહેશે અને આ ટેન્ડરની કામગીરી બે ફેઝ જેમાં (૧) ૩૧મી માર્ચ સુધી (૨) ૩૧મી માર્ચ થી ૩૦ જુન સુધી એ પ્રમાણે કરવાની રહેશે.

(૧૦) કામની ગુણવત્તા માટે બોર્ડ ધ્વારા થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન કરાવવાનું રહેશે.

(૧૧) આવી કામગીરી સારી સ્વૈચ્છિક સંસ્થા જેવી કે, સદ્દગુરુ, આગાખાન, બાયર, મેનાર્ડ, વડોદરા ડેરી, શ્રોફ ફાઉન્ડેશન, સુરત ડેરી, આર્કવાહિની, ભરુચ સેવા વિગેરે કામ કરવા માંગતા હોય તો એસ.ઓ.આર.ના ભાવે કામ આપી શકાય.

(૧૨) ૧૬૫ મી.મી.ના બોરમાં પાવર પંપ જેટલુ પાણી ન મળે ત્યાં ટેલીસ્કોપીક પંપ ઉતારી કામગીરી કરવાની રહેશે.

(૧૩) જયાં આદિવાસી ફળિયા મુખ્ય ગામથી ખૂબ દૂર હોય, પાવર કનેકશન ફિઝીબલ ન હોય તેમજ સાઈટ કન્ડીશન ફેવરેબલ ન હોય ત્યાં ટેલીસ્કોપીક પંપ ઉતારવાના રહેશે.

(૧૪) એસ.સી., પી.સી. અને અનુસુચિત જાતિમાં જે કામગીરી કરવાની છે તેમાં ઉપર મુજબની કામગીરી કરવાની રહેશે.

...3/-

56 (293)

(૧૫) ઉપરોક્ત કામગીરી પ્રાયોગિક ધોરણે રાજયના પૂર્વપટ્ટાના દરેક જિલ્લાના શકય હોય તે તાલુકામાં તેમજ એન.સી. પી.સી. અને અનુસુચિત જાતિ વિસ્તારમાં પણ હાથ ધરવાની રહેશે. જે અધિક્ષક ઈજનેરશ્રી (યાંત્રિક) એ નક્કી કરવાનું રહેશે.

(૧૬) ઉપરોક્ત તમામ મીકેનીકલ તેમજ સિવિલ કામગીરી યાંત્રિક શાખા ધ્વારા કરવાની રહેશે અને તેની સંપૂર્ણ જવાબદારી યાંત્રિક શાખાની રહેશે.

(૧૭) પાંચ લાખ રુપિયા સુધીની ટાંકી અને સ્ટેન્ડ પોસ્ટના કામો ગ્રામ પંચાયત રાખવા માંગતી હોય તો તેને પ્રથમ આપવાના રહેશે.

(૧૮) કામગીરી પૂર્ણ થયે સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા સમગ્ર કામગીરી અને ગુણવત્તાનું મુલ્યાંકન કરાવવાનું રહેશે.

(૧૯) મુદ્દા નં. ૩માં જણાવ્યા મુજબની આર.સી.સી. ટાંકીના [illegible] સમય લાગતો હોઈ તે દરમિયાન કામચલાઉ ધોરણે ૫૦૦૦/૧૦,૦૦૦ લીટરની ક્ષમતાવાળી એચ.ડી.પી.ઈ. ટાંકી મુકી પાણી પુરવઠા યોજના ચાલુ થાય તે પ્રમાણે કાર્યવાહી કરવી.

[signature] ..૯૯.

કા/મુખ્ય ઈજનેર (યાંત્રિક)

નકલ શુભેચ્છા સહ રવાના પ્રતિ :

(૧) માન. સચિવશ્રી કાર્યાલય, નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૨) માન. અધ્યક્ષશ્રી કાર્યાલય, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર

(૩) નાણા નિયંત્રકશ્રી, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર

(૪) મુખ્ય ઈજનેરશ્રી ઝોન-૧,૨, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ, વડો[illegible] અમદાવાદ

નકલ રવાના પ્રતિ :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વર્તુળ, અમદાવાદ/વડોદરા

(૨) સુપ્રી. જીઓ હાઈડ્રોલોજીસ્ટ, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર

(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, જા.આ.યાં.વિ., વડોદરા/સુરત/ગોધરા/વલસાડ/હિંમતનગર તરફ જાણ સારૂ.